SAMAST MAHAJAN MEDIA COMMITTEE

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર


ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૨૨ • તા.૧૦ થી ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

## શ્રી વરાડીયા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન
## શ્રી વરાડીયા તીર્થમાં પર્યુષણ પર્વની રૂડી આરાધના




DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE,
SCRUTINIZE
& DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**

**જયંત વસનજી છેડા**

**રાજેન્દ્ર મણિલાલ ખોના**

**પ્રવીણ હંસરાજ લોડાયા**

**કીર્તિકુમાર ધનજી ધરમશી**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

**http://www.kdosm.org**

**Email :**

**gyatimaiya2018@gmail.com**



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સુખની શોધ

સુખ એટલે શું? એની વ્યાખ્યા પ્રત્યેક વ્યક્તિના અલગ અલગ હોવાની. સૌની દ્રષ્ટિમાં સુખ એટલે શારીરિક સારું સ્વાસ્થ્ય, ભૌતિક સુખ સગવડ, ધનની રેલમછેલ. કૉક માટે સુખ એટલે રહેવા માટે પોતાનો આવગો બંગલો, તો કોઈક માટે સ્કાયસ્કેપર બિલ્ડીંગના ટોચને માળે ફ્લેટ હોવો, તો કોઈકને માટે જીંદગીભર ગુજારા માટે કાળી મજૂરી પછી પાછલી અવસ્થામાં નિરાંતનો માહોલ. આમ દરેકની દ્રષ્ટિએ સુખ પામવાની અલગ પરિસ્થિતિ અનેક કલ્પના હોવાની.

મહાનગરની ભાગ દોડ ભરી જિંદગીમાં સવારના વહેલી લોકલ ટ્રેન પકડી મોડી રાતે ઘેર પહોંચનારને ક્યારે નિરાંત માણવા મળે એ સુખની પળ પોતાની ક્યારે મળશે એની એષણા હતી. ત્યારે હાલમાં જ સમગ્ર દેશમાં કોરોનાના કેરમાં લોકલ ટ્રેન, બસ, રીક્ષા ઈવન બજાર, સ્કૂલ, મંદિર, મસ્જિદ ઘણા સમય સુધી બંધ રખાયા. દેશના એક એક નાગરિકને આમ ઘરે રહેવાનો ચોવીસ કલાક ઘરમાં જ કેદ રહેવાનો માહોલ મળ્યો. ત્યારે શરૂઆતમાં સૌને નિરાંત આરામની પળો મળવાનું સુખ લાગ્યું. પણ પછી આ સુખનો સમય પણ આકરો પડવા લાગ્યો. આમ પહેલાં નિરાંત-આરામની પળો માણવા મળે તો સુખ લાગતું હતું. એ પછી સતત નવરાશની પળો મળી. પરિવાર સાથે ક્યારે ન રહેવા મળ્યું હોય એવો માહોલ મળ્યો ત્યારે આ સુખ આકરું લાગ્યું. સજા રૂપી થઈ ગયું. આમ આવી રીતે સુખની શબ્દાવલી પ્રત્યેક ઘડીએ સૌને માટે અલગ અલગ થવાની.

હકીકતે સમજીએ તો સવારના પહોરમાં સૂર્યના કિરણો અવની પર આવે ત્યારથી પ્રામાણિક રીતે વિચારીએતો દરરોજ આપણને કેટલાં બધાં નાના મોટા સુખ આપી દિવસ દરમ્યાન મળતાં રહે છે. અતિ મોટું જો સુખ હોય તો એ છે કે અનિત્ય સંસારમાં આપણને આજનો દિવસ જોવા મળ્યો અને જીવવા મળ્યો. પથારીમાંથી ઉઠ્યા બાદ આપણી મોટાભાગની જરૂરિયાતો વિના વિઘ્ને સંતોષતી રહી આ પણ એક જાતનું સુખ નથી શું? આપણે અન્યો પાસેથી સુખ મળે, સંતોષ મળે એ અપેક્ષા રહેવાની પણ આપણે પણ એમને સુખ આપવાનો છે એ ફરજ ભૂલી જતાં હોઈએ છીએ. મોટાભાગના લોકો આ ફરજ યાદ રાખતા નથી. આ માત્ર લેવાના અધિકારી થયા આપવાના નહીં એવું થયું.

આપણા પરિવારજનો પત્ની કે પુત્રી આપણને વગર માંગે જોઈતું આપે, ચા-નાસ્તો જમવાનું આપો આપ પીરસી દે ત્યારે ક્યારે એમને પણ અણધાર્યો આંચકો આપી તેમની ખિદમત કરીએ તો તેમને કેટલો આનંદ સુખ મળે? આ અવળી ગંગા જો વહે તો તેમના દિલમાં કેવો આનંદ પ્રસરે અને એમને આનંદિત જોઈને આપણને પણ સુખની પળો માણવા મળે. આમ આ ઘટના ભલે નાની લાગતી હોય પણ એની અસર અઢળક મળે. માત્ર પૈસા મળવો આનંદ નથી ભોગ, વિલાસએ પણ સુખ નથી. અન્યના ચહેરા પર આપણા કારણે મલકાટ જોવા મળે એ પણ એક જાતનું સુખ છે. એ ભાવના કેળવીએ તો પ્રત્યેક પળે આપણને સુખ મળતું રહેવાનું.

– જયજ્ઞાતિમૈયા

# બંધન અને જવાબદારી એટલે લગ્નજીવન




નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

ભારતમાં પ્રાચીન કાળથી વિવાદને સંસ્કાર માનવામાં આવે છે. આ અત્યંત પવિત્ર સંબંધ છે. જેના પાયા પર સમાજનું બંધારણ-ઘડતર અને ચણતર થયું છે. લગ્ન એટલે માત્ર શારીરિક સાયુજ્યની પૂર્તિ માટેનો પરવાનો આપતો રિવાજ નથી. કાયદો અને ધર્મ વિવાહને સંસ્થા માને છે.

પત્ની એટલે પતિની અર્ધાંગિની, જીવનસાથી, ભાર્યા,બેટર હાફ, જીવન સંગિની. આ સાથી વિના પતિનું જીવન નિરસ, બેરંગી અને સુકાન વિનાની નાવડી જેવો થઈ જાય છે. પારિવારિક, સામાજિક અને વ્યવહારિક જીવનમાં સિંગલ પુરૂષનું ખાસ મહત્વ હોતું નથી. પરંતુ તે છતાં આજની પાશ્ચાત સંસ્કૃતિથી દોરવાયેલી યુવા લગ્નજીવનને યુઝ એન્ડ થ્રો ના અભિગમથી સ્વીકારે છે. પશ્ચિમી સંસ્કૃતિમાં ડેટિંગથી આગળ વધી સહજીવનનું નવરૂપ સ્વરૂપ લિવ ઈન વિકસ્યું છે. આ યુઝ એન્ડ થ્રો જેવી પરિસ્થિતિ લગ્નજીવન-સહજીવનમાં પ્રવેશી છે.

લગ્ન મુક્ત જીવન જીવવાની પહેલ અને નિઃસંતાન રહેવાનું નવી પેઢીની પસંદગી રહી છે. જેને લીધે સામાજિક શાંતિ અને સામાજિક, પારિવારિક વિકાસ રૂંધાશે એવું જાણકારો માને છે. ભારતીય સંસ્કૃતિ વિશ્વભરમાં લગ્ન રિવાજ પરંપરાને લીધે પ્રખ્યાત છે. જેનાથી આકર્ષાઈ જાણીતી સેલિબ્રિટીઓ ખાસ વિદેશથી ભારતીય પધ્ધતિથી લગ્ન કરવા આવે છે.

આધુનિક, મોર્ડન અને શિક્ષિત પેઢી ગોર મહારાજને થોડી વધુ દક્ષિણાની લાલચ આપી ઝટપટ ફેરા વિધિ આટોપવાની તજવીજ કરતી હોય છે. પણ આ ઉતાવળ અને રઘવાટ વીડિયો શૂટિંગ, ફોટોગ્રાફી કરનાર પાસે કે બ્યૂટિશિયન આર્ટિસ્ટ પાસે નથી કરાતી. પરંતુ થોડી ધીરજ ધરીને લગ્નવિધિની ક્રિયા, શ્લોક અને મંત્રો પાછળનો મર્મને સમજવામાં આવે તો આ વિધિ પાછળની ગહનતાની ઊંડી સમજ આવે અને લગ્નગ્રંથિ અતૂટ બની રહે.

લગ્ન મંડપમાં જમાઈને પોંખતી કન્યા માતા-સાસુ જે જે પ્રતિકાત્મક વસ્તુઓઓનો ઉપયોગ કરે છે તેમાં ઘર સંસારની જવાબદારી તેની ગંભીરતાનો નિર્દેશ કરાવે છે. તેવી જ રીતે સપ્તપદીના સાત વચનમાં જ સુખી, સંતોષી અને અતૂટ સંબંધની ચાવી સમાયેલી છે. પ્રથમ પગલામાં એકબીજાને વફાદાર રહેવાનું, બીજામાં એક બીજા પર વિશ્વાસ રાખવાનું ત્રીજા પગલાંમાં સુખદુ:ખમાં એકમેકને અતૂટ સાથે આપવાનું, ચોથામાં ઘરની જવાબદારીમાં બરોબરીનું યોગદાન આપવાનું, પાંચમામાં સંતાનોના ઉછેરમાં સરખે સરખું યોગદાન આપવાનું વચન, છઠ્ઠામાં એકબીજાને સાથ નિભાવાનો અને સાતમા માં એકબીજાના વફાદાર મિત્રો બની રહેવાનું વચન આપવામાં આવે છે.

આમાંથી માત્ર છેલ્લું વચન જો દિલથી નિભાવવામાં આવે તો પણ લગ્નજીવન અતૂટ અખંડ બની રહે એટલે જ લગ્ન જીવનના પાયામાં પતિ પત્ની વચ્ચે મૈત્રી હોવી જરૂરી છે. મૈત્રીના પાયાથી સંબંધ આજીવન ટકી રહે છે. પતિ પત્ની વચ્ચે મિત્રો જેવી નિખાલસતા-પારદર્શકતા અને વિશ્વાસને લીધે સંબંધ બંધન નહીં પણ મુક્તિની અનુભૂતિ કરાવે છે. આયુના છઠ્ઠા દાયકામાં પતિ પત્નીનું ખરું સહજીવન સાંનિધ્ય શરૂ થાય છે. પ્રેમ પૈસાથી નથી મળતો અને જીવનનો ખાલીપો નોકર ચારની સેવા ચાકરીથી નથી ભરાતો. મોટી ઉંમરે પ્રેમાળ હૂંફ માત્ર જીવનસાથી જ આપી શકે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**


| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |


**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી વરાડીયા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન
# શ્રી વરાડીયા તીર્થમાં પર્યુષણ પર્વની રૂડી આરાધના





મુલનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી ના ૧૧૯ વર્ષ પ્રાચીન વરાડીયા તીર્થમાં સ્થાનિક તથા બહારગામથી પધારેલા વરાડીયા વતનીઓ તથા નિયાણીબેનો સહિત પચાસેક ભાવિકોની ઉપસ્થિતિમાં પર્યુષણ પર્વની આરાધના રૂડી રીતે થયેલ. આરાધના કરાવવા વિંઝાણમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન પ.પૂ. સાધ્વી શ્રી તત્વપુર્ણાશ્રીજી મ. સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વી શ્રી તત્વયશાશ્રીજી મ.સા.પધાર્યા હતા.



**દરરોજ ધાર્મિક પ્રવૃત્તિ :** દરરોજ સવારથી રાઈ પ્રતિક્રમણ, પક્ષાલ – પૂજા, ભક્તામર સ્તોત્ર પઠન, લક્કી ડ્રો, વ્યાખ્યાન, દેવશીય પ્રતિક્રમણ, રાત્રે ભક્તિ ભાવનામાં સૌએ ઉમળકાભેર લાભ લીધો. આ વર્ષે દેવશીય પ્રતિક્રમણમાં પ.પૂ. તત્વયશાશ્રીજી મ.સા.ની ઉપસ્થિતિ એ વિશેષતા હતી.

**ગરત :** માતુશ્રી સોનબાઇ લાલજી લોડાયા હ.સૌ. ચિત્રા પદમ લોડાયાએ કલ્પસુત્ર મણ ૯૯૯ માં તથા પારણું મણ ૧૧૧ માં એ પધરાવેલ અને ભાદરવા સુદ છઠના મોક્ષનો ગંભારો ખોલવાનો લાભ લીધેલ. સ્વપન મહોત્સવના ધૃત ૭૧,૯૬૦/– મણ સહિત કુલ ઘૃત મણ ૯૪,૦૯૪ થયેલ. સ્વપ્ન મહોત્સવમાં નોંધપાત્ર ઘૃત માટે સક્રિય લાભ લેવા (૧) સૌ. વંદનાબેન તથા સતિશ શામજી હંસરાજ ધરમશી (૨) મા. ચંપાબેન હંસરાજ પરબત ડાઘા પરીવાર (૩) મે ડી વી શીપીંગ (અમિત શાંતિલાલ પટેલ), શ્રી હરીશ ધનજી ડાઘા (૪) શા વિશનજી દામજી મોમાયા પરીવાર (૫) શા. લખમશી નરશી મોમાયા દિકરી પરીવાર (૬) મા.હીરબાઈ રતનશી પાસવીર ડાઘા દિકરી પરીવાર સર્વે ની ભુરી ભુરી અનુમોદના.

**દૈનિક ધાર્મિક કાર્યક્રમ :** શ્રાવણ વદ તેરસના શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા, ચૌદસના શ્રી નવાણું પ્રકારી પૂજા, શ્રાવણ વદ અમાસ થી ભાદરવા સુદ ચોથ સુધી કલ્પસુત્ર વાંચન, અમાસના કલ્પસુત્ર ઘેર પધરામણી તથા જાગરણ, ભાદરવા સુદ એકમના કલ્પસુત્રનો વરઘોડો, બીજના સ્વપ્ન મહોત્સવ, ચોથના પાંચ અઠાઈ સહિત સાત તપસ્વીઓને સાંજી તથા શ્રી મહાકાળી માતાજીની ભાવના (લાભાર્થીઃ સૌ.મણીબાઈ મધુકાંત મોમાયા), પાંચમના બારસા સુત્ર વાંચન અને પ્રણાલી મુજબ આરાધના કરાવનાર આ વર્ષે પ.પૂ. તત્વયશાશ્રીજી મ.સા. ને વાજતે ગાજતે ચૈત્ય પરીપાટી સ્વરૂપ દેરાસર ફરતે ગામમાંથી ફેરી તથા સંવત્સરી પ્રતિક્રમણ, છઠના વહેલી સવારે દેરાસરના દ્વાર ઉદ્‌ઘાટન અને સામુદાયિક ક્ષમાપના તથા સન્માન–બહુમાન સમારંભનું આયોજન થયેલ.

છેલ્લા સાત વર્ષથી પર્યુષણ માં આરાધના કરાવવા પધારતા શ્રી કિર્તીભાઈ નેણશી મોમાયા વરાડીયા – પુના આ વર્ષે આરાધના કરવા વરાડીયા પધાર્યા હતા. આ વર્ષે પણ એક દિવસ તેમણે કલ્પસુત્ર નું વ્યાખ્યાન વાંચેલ.

**બહુમાન –સન્માન :** છઠના શ્રી હરીશભાઈ ધનજી ડાઘાના પ્રમુખ પદ હેઠળ સામુદાયિક ક્ષમાપના બાદ દેરાસરના સ્ટાફ, ભોજનશાળાના કોન્ટ્રાક્ટર શ્રી નરેન્દ્રભાઈ લોડાયા તથા ગાયક કલાકાર શ્રી બિપીન ગોરનું બહુમાન કરવામાં આવેલ. ઉપરાંત સ્ત્રી શક્તિ પ્રતિક સમા પધારેલ નિયાણી બહેનો તથા શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈના કમીટી મેમ્બર્સનું

# શ્રી વરાડીયા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન
# શ્રી વરાડીયા તિર્થમાં પર્યુષણ પર્વની રૂડી આરાધના

બહુમાન થયેલ. આમંત્રિત મહેમાનોમાં ગામના સરપંચ શ્રી અસલમછા, વરાડીયા શાળાના પ્રમુખ શ્રી મુસાભાઈ મંધરા તથા વરાડીયા નિવાસી ગુજરાતના ભુતપૂર્વ વિધાન સભ્ય શ્રી ઈબ્રાહિમ મંધરાનું પણ સન્માન કરવામાં આવેલ. સરપંચશ્રી એ જૈન કોમને બિરદાવીને ગામને તથા ગામની શાળાને મદદરૂપ થવાનો ઉલ્લેખ કરી શાળા માટે સીસીટીવી કેમેરાની જરૂરત જણાવી ત્યારે મહાજનના સભ્યોએ બસ સ્ટેશન પાસેથી ગામમાં પ્રવેશતાં દ્દષ્ટીગોચર થતી માંસાહારની દુકાનને દૂર ખસેડવાની અથવા દુકાનનો દરવાજો પાછળ કરવાની માંગણી કરતા જણાવ્યું કે અગર આ બાબતે ગ્રામ પંચાયત સક્રિય પગલાં લે તો શાળાને સીસીટીવીના સાધનો ઉપલબ્ધ કરાવી આપવામાં આવશે. ત્યારે શ્રી કિરીટ ડાઘાએ આ સાધનો એનાયત કરવાની શરતી જવાબદારી સ્વીકારી.





**લકી ડ્રો, સંઘપૂજન – પ્રભાવના :** દરરોજ સવારના વ્યાખ્યાન પહેલાં ભક્તામર સ્તોત્ર પઠન બાદ સરેરાશ ૨૫ લકી ડ્રો થયેલ. દરરોજ વ્યાખ્યાન બાદ ભાવિકોના સહકારથી રૂા.૫૦/- તથા ભાદરવા સુદ બીજના રૂા.૭૦/- તથા પાંચમના રૂા.૧૦૦/- નું સંઘપૂજન થયેલ. સૌ.લીલાવંતીબેન મેઘજી ખીમજી મોમાયા એ દરરોજ પ્રભાવના કરેલ.

**તપસ્વીઓ : પાંચ અઠ્ઠાઈ**

(૧) શ્રી પદમ લાલજી લોડાયા, ડોમ્બીવલી (૨) સૌ. ચિત્રા પદમ લાલજી લોડાયા, ડોમ્બીવલી (૩) શ્રી લિખેશ દામજી પદમશી મોમાયા, અમદાવાદ (૪) સૌ. મીના કિરીટ હંસરાજ ડાઘા, મુલુંડ (૫) શ્રી સૌરભ લાલકા, મેનેજર. (અઠ્ઠાઈ તપ સાથે સાથે ઓફિસનું કાર્ય, ઘૃત ખાતાવહી, રસીદો વગેરેના કામ સાથે સાંજે પ્રતિક્રમણમાં પણ ઘણા સૂત્રો પ્રકાશ્યા હતા. ઉપરાંત (૬) મા.લીનાબેન મધુકાંત ભવાનજી મોમાયા, મુલુંડ ઈસ્ટ-ચાતુર્માસની શરૂઆતથી ૩૫ ઉપવાસ સહીત પંચ મેરૂ તપ તથા (૭) મા. રીટાબેન કીશોર જીવરાજ મૈશેરી, ભાંડુપ- એકાસણા સહ ચોસઠ પહોરી પૌષધ.

આ ઉપરાંત દરરોજ ૧૫-૧૭ ભાવિકોએ એકાસણાની તપસ્યા કરેલ. એમને એકાસણા દરમિયાન પીરસવા માટે અન્ય ભાવિકોએ વ્યવસ્થા સંભાળી હતી તેમની ભુરી ભુરી અનુમોદના.

**દૈનિક સાધર્મિક ભક્તિના દાતાશ્રીઓ :** ૧. શ્રાવણ વદ તેરસ : મા. લતાબેન મણીકાંત મેઘજી મોમાયા, હૈદરાબાદ ૨. શ્રાવણ વદ ચૌદસ : અ.સૌ. મધુબેન લહેરચંદ રતનશી ડાઘા, ભાંડુપ ૩. શ્રાવણ વદ અમાસઃ શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ. ૪. ભાદરવા સુદ એકમ : મા.માંકબાઈ લધાભાઈ મણશી મોમાયા, બેંગ્લોર- મુંબઈ. ૫. ભાદરવા સુદ બીજ : સ્વ.અ.સૌ. ભાનુમતીબેન કરમચંદ આણંદજી વિકમશી, હુબલી ૬. ભાદરવા સુદ ત્રીજ : બે સદ્ ગૃહસ્થોશ્રી, વરાડીયા. ૭. ભાદરવા સુદ ચોથ : સં.૨૦૭૮ ના આની ફળાના ભાવિકો. ૮. ભાદરવા સુદ પાંચમ : સં.૨૦૭૮ ના આની ફળાના ભાવિકો. ૯. ભાદરવા સુદ છઠ્ઠ : વરાડીયાની નિયાણી બેનો શ્રી. આ ૯ લાભાર્થીઓની ભુરી ભુરી અનુમોદના.

**ચૈત્ય પરીપાટી :** ભાદરવા સુદ છઠ્ઠના તેરા, નલિયા, સુથરી તથા સાંયરા તિર્થ તથા સાતમના વિન્જાણ, કોઠારા, સાંધવ, કોટડા રોહા (આચાર્ય ભગવંત શ્રી કવિન્દ્રસાગર સુરીશ્વરજી મ. સા.) ડોણ, ગોધરા, રાયણ તથા માંડવીની ચૈત્ય પરીપાટીમાં દેરાસર દર્શન તથા પુ. સાધુ- સાધ્વી મ. સા. ના વંદન નો લાભ મળેલ.

પર્વ દરમ્યાન માઈકનું સંચાલન, મોટી પૂજા-ભાવના વગેરેમાં તબલચી તરીકે તથા સ્વપન મહોત્સવ સહિત દરરોજ ઘૃતની બોલી બોલવાનું કાર્ય કુશળતા પુર્વક શ્રી પ્રફુલ્લ લખમશી મોમાયા એ સંભાળેલ. દેરાસર ટ્રસ્ટના ત્રણ ટ્રસ્ટીઓ પદમ લાલજી લોડાયા, દીપક ગંગાજર ડાઘા તથા નલિન રતનશી ડાઘા હાજર રહી વ્યવસ્થા સંભાળી હતી.

(પ્રકાશન સૌજન્યઃ એક સદ્ ગૃહસ્થશ્રી)

# બાંડીયા નગરે વિમલનાથ દ્વારે પર્યુષણ પર્વ ઉજવણી

બાંડીયા નગરે વિમલનાથ દ્વારે પર્યુષણ મહાપર્વ ૬૦/૬૨ જ્ઞાતિજનોની હાજરીમાં રૂડી રીતે ઉજવાયુ, કલ્પસુત્ર પોથી ૨૫૧ મણમાં માતુશ્રી ખેતબાઈ રાયશી તથા માતુશ્રી ખેતબાઈ શીવજી મૈશેરી પરિવાર ડોંબિવલી તથા પ્રભુજીનુ પારણું ૫૦૧ મણમા માતુશ્રી કાંતાબાઈ દામજી વિકમશી બિલીમોરા પરિવારો એ લાભ લીધો, સ્વપ્નાનો ટોટલ ૧ લાખ ૩ હજાર મણ તથા પુરા પર્વનો ૧ લાખ ૩૫ હજાર મણ ઘૃત થયેલ, સ્વ.હિરેન દામજી વિકમશી બિલીમોરાના પુત્રવધૂ અ.સૌ જલ્પાબેન તથા પુત્ર હર્ષભાઈ એ સહજોડે અઠાઈ તપ કરેલ જેની બાંડીયા મહાજને સાંજી રાખેલ, રોજ સાંજે પ્રભુજીની આંગી અ.સૌ રાજશ્રી લાલકા, કિરણ લોડાયા તથા મીત લાલકા બનાવતા, રોજ સવારના ભક્તામર, સ્નાત્ર પૂજા, વ્યાખ્યાન, બપોરના પૂજા રાતના પ્રભુજીની ભાવના રહેતા,



બાંડીયા દેરાસર મૂળનાયક નીરોજની આંગી







પોથી - પારણાના વરઘોડા

એક દિવસ મહાકાળીમાની ભાવના રાખેલ, સરલાબેન મણીલાલ લોડાયા સાંયરા તથા કસ્તુરીબેન ચીમનલાલ ધરમશી સાંયરા એ રોજ ધર્મ આરાધના સાથે નવા નવા અનુષ્ઠાનો કરાવી પુરા પર્વમાં બધાને ધર્મમય કરી દીધા હતા. બાંડીયામાં વર્ષોથી પુરા વર્ષમાં મહાજનના દરેક કાર્યોમાં નરેન્દ્ર રાઘવજી લોડાયા તથા મહેશ રતનશી મોમાયા સુંદર સેવા આપી રહ્યા





તપસ્વી બહુમાન અને સાંજી

# બાંડીયા નગરે વિમલનાથ દ્વારે પર્યુષણ પર્વ ઉજવણી




બીજ સ્વપ્ના અને પાંચમ બારસા સુત્ર

છે. પર્વમાં મહેશ મોમાયા, કિરણ લોડાયા, પિયુષ મીત લાલકા એ સરસ વ્યવસ્થા સંભાળેલ. પુરા પર્વ દરમિયાન ટ્રસ્ટી તરીકે દરેક કાર્યમાં હંસાબેન હિરાચંદ પટેલ તથા નવિન રાયશી મૈશેરી હાજર રહ્યા હતા બધાની ખુબ ખુબ અનુમોદના.

લી : બાંડીયા મહાજન વતી ટ્રસ્ટીઓ




પોથી પારણા જાગરણ રોજ રાત્રી ભાવના આરતી




આરાધના કરવા પધારેલ બહેનોની અનુમોદના

# શ્રી ક.દ.ઓ.જૈન સંઘ કાંજુરમાર્ગ મધ્યે પર્યુષણ પર્વ પ્રસંગે રૂડી આરાધનાઓ થઈ







આ વર્ષે પર્યુષણ પર્વની આરાધના કરાવવા પ.પૂ.સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી વંદનગુણાશ્રીજીના સંસારી પક્ષે માતુશ્રી ભાગ્યલક્ષ્મીબેન નીતિન નાગડા જખૌ પધારેલ હતા. તેમણે પર્યુષણ પર્વના આઠ દિવસ વ્યાખ્યાન વાણી મુદ્દા સાથે સમજાવીને વ્યાખ્યાન આપેલ. બહોળી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓએ વ્યાખ્યાન શ્રવણનો લાભ લીધો હતો. બીજના દિને કુલ્લ ૧૪૦૩૦૯ મણ ઘૃત થયેલ. પારણું શ્રીમતી પૂજાબેન મેહુલ માલદે એ પધરાવેલ.




પારણાનો વરઘોડો વાજતે ગાજતે ધામધૂમપૂર્વક લાભાર્થીના ઘરે ગયેલ. રાત્રી ભાવના તેમના ઘરે થયેલ પર્યુષણ પર્વ દરમ્યાન પાઠશાળાના બાળકો એ ચંદનબાળા વિષે નાટક રજૂ કરેલ શ્રી સંઘ તરફથી ચોથના દિવસે તપસ્વીઓનું બહુમાન કરવામાં આવેલ. છઠના દિવસે ચિ.વીર કેતન મૈશેરીના જન્મદિવસની ખુશીમાં દૂધપાક રાખવામાં આવેલ અને સમૂહ ક્ષમાપનાનો પ્રોગ્રામ રાખવામાં આવેલ.

રવિવાર તા.૪ સપ્ટેમ્બરના રોજ સંઘનું સ્વામીવાત્સલ્ય જમણ રાખવામાં આવેલ. સવારના ૧૦ વાગે ભક્તિ ભાવના રાખેલ. ભાવનામાં પાઠશાળાના બાળકોનું બહુમાન માતુશ્રી પ્રેમિલાબેન ઠાકરશી ગોસર તરફથી કરવામાં આવેલ હતું. મુંબઈ જ્ઞાતિ મહાજનના પ્રમુખ નયનભાઈ ભેદા તથા ધાર્મિક કમિટીના કન્વીનર મનોજભાઈ લોડાયા તથા દેવેન્દ્રભાઈ ધરમશી પધારેલ. તેમના હસ્તે શ્રી નરશીનાથાની છબીને હાર પહેરાવવામાં આવેલ. તા.૯ સપ્ટેમ્બર શુક્રવારના શ્રી સંઘની ચૈત્ય પરિપાટી સાંગલી, કુંબજગીરી, શિરોદી તેમજ કોલ્હાપુર વિગેરે સ્થળે ગયા છે. સાંગલીમાં પ.પૂ.સાધ્વીશ્રી હર્ષ નિધિ મ.સા. તથા મા.મા. સાહેબશ્રી શ્રેયા શંકરાશ્રીજીને વંદન કરવો નો લાભ લેશે.





# શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ



















કચ્છ અબડાસા તાલુકા ના લાલા નગરે નાનકડું પણ સુંદર અને રમણિય જિનાલય માં બિરાજમાન શ્રી ચંદ્રપ્રભ સ્વામીની અમિ દ્રષ્ટિ અમારા લાલા ગામ માં પર્યુષણ મહાપર્વ ઉજવણી હર્ષ ઉલ્લાસ સાથે લાલા ગામની નિયાણીઓ સુશીલાબેન નાગડા. નલિયા તથા ગીતાબેન લોડાયા. વારાપધ્ધરની નિશ્રામાં બહુજ સુંદર રીતે ધર્મની આરાધના થઈ હતી.




જેમાં મુખ્યત્વે પર્યુષણ પર્વ દરમિયાન પધારેલ રાણપર તથા લાલા ગામ વાશીઓ અને પધારેલ મહેમાન નું સ્વાગત તથા સવારે રાઇ પ્રતિક્રમણ સ્નાત્રપુજા પછી ભક્તામર, અષ્ટનીહિકા વ્યાખ્યાન સાથે રોજ ધાર્મિક પ્રશ્નપત્ર તેમજ લકી ડ્રો તથા બપોરે વિવિધ અનુષ્ઠાન જેવા કે પાર્શ્વ પંચકલ્યાણકની પૂજા, નમીઉણજાપ, લક્ષ્મણા માતાનો થાળ, ત્થા શ્રીશાંતિ ધારા અખંડ ધારા અભિષેક આવા વિવિધ કાર્યક્રમ ઉજવાયા તથા રોજ સાંજે પ્રભુ ભક્તિની રમઝટ શાંતિલાલભાઈ, હીરાચંદભાઈ તથા રાજેશભાઈ તથા બહેનો જમાવી હતી. તથા શાસનદેવી શ્રીમહાકાળી માતાજી ભક્તિ ભાવના કરવામાં આવેલ. રોજ ભગવાનની આંગીની સુંદર રચના મોનિકાબેન મૈશેરી એ કરી. તથા કલ્પસૂત્ર અને પારણાનો વરઘોડો બહુ જ સરસ રીતે થયો. તથા સ્વપનની ઉછામણી કાર્યક્રમનું સંચાલન રાજેશ મોમાયા કરી હતી.

સ્વપ્નની ઉછામણીનું ૯૯૩૮૪ ધૃત મણ થયું હતી પારણું તથા કલ્પસૂત્ર પધરાવવાનો લાભ શ્રી ભરતભાઈ મૈશેરી એ લીધેલ લાલા ગામમાં નવું અતિથિગૃહ તથા નવી ભોજનશાળાનું ઉદઘાટન કરવામાં આવ્યું. અને પધારેલ મહેમાનો મુંબઈ, મહારાષ્ટ્ર, હૈદરાબાદ, ઇન્દોર અને ગુજરાત તથા કચ્છ અને દેશાવરથી તથા ગામ વાસીઓની બોહોડી સંખ્યામાં (૯૨) હાજરી આપી હતી.

પર્યુષણ પર્વમાં લાલા ગામના : અઠાઇ તપ -શ્રીમતી કૌશલ્યાબેન હરીશભાઈ દંડ વડોદરા

૧૦ બહેનો પોસધ સાથે આરાધના કરેલ અને આઠમ તપ તથા છઠ તપ આયબીલ, એકાસણા, બેયાસણા આવી નાની મોટી તપસ્યા ઓ કરનાર દરેક તપસ્વીનું લાલા મહાજન ટ્રસ્ટ તથા ગામવાસીઓ સંઘ સુખ શાંતા પૂછે છે. અને ભૂરી ભૂરી અનુમોદના કરે છે. લાલા તથા રાણપર ગામવાસીઓ તથા નીયાણી બહેનોના પરિવારમાંથી જે વર્ષ દરમિયાન અરિહંત શરણ પામેલ હતા એમને સમૂહમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ.












# તેરા તીર્થે પર્યુષણ મહાપર્વની ઉમંગભેર ઉજવણી કરાઈ





કચ્છ અબડાસા જૈન મોટી પંચતીર્થીનો એક આગવું અને અનોખું સ્થાન ધરાવતું તેરા તીર્થમાં મહા મંગલકારી પર્વાધિરાજ પર્યુષણ પર્વની ઉજવણી ઉમંગભેર કરવામાં આવેલ.



ચાતુર્માસની ધર્મ આરાધના કરાવવા માટે પધારેલા પ.પૂ. સાધ્વીશ્રી જયધર્માશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં આ મહાપર્વની ઉજવણી તપ, જપ અને ધર્મ આરાધનાઓ સાથે રૂડી રીતે સંપન્ન થયેલ હતી. કલ્પસૂત્ર પોથી પધરાવવાનું લાભ માતુશ્રી કસ્તુરબાઈ મેઘજી દંડ (આણંદ પરિવાર) હસ્તે જયાબેન ધનપાલભાઈ દંડ ડોંબિવલી તેમજ પ્રભુજીનું પારણું પધરાવવાનું લાભ શ્રી સુરેશ ધનજી લોડાયા તેરા-મુંદ્રાવાળાએ લીધેલ હતો. જ્યારે શાલી ભદ્રની પેટી પધરાવવાનો લાભ કલ્યાણજી મૂલજી લોડાયા પરિવાર તેરા, વડોદરાવાળાએ લીધેલ હતો.

કલ્પસૂત્ર પોથી તથા પ્રભુજીના પારણાની રથયાત્રા શાલીભદ્રની પેટી સહ દેરાસરજીમાંથી નીકળી ગામના મુખ્ય માર્ગો ઉપરેથી પસાર થઈ ભાગ્યશાળી પરિવારના ઘરે એટલે મહાજનવાડીમાં પધરાવવામાં આવેલ. દરરોજ સવારના સેવા પૂજા, સામૂહિક સ્નાત્ર પૂજા, વ્યાખ્યાન વાણી, સમૂહ સામાયિક પ્રતિક્રમણ પ્રભુજીની ભવ્ય અંગ રચના વચ્ચે ભાવનાની રમઝટ પણ જમાવવામાં આવેલ હતી.

કલ્પસૂત્ર વહોરવાનો લાભ માતુશ્રી માકબાઈ ખીમજી કરમશી નાગડા પરિવાર તેરા એ જ્યારે બારસા સૂત્ર વહોરવવાનો લાભ શ્રી સિધ્ધચિંતન કુમારભાઈ દંડ આણંદ પરિવાર તેરા મુંબઈએ લીધેલ હતો.

પર્યુષણ પર્વને અનુલક્ષીને અઠાઈ તપ પ્રભાબેન જયચંદ છેડા તેરા, મયૂરીબેન દિલીપ મોતા મોટી ધૂફી-વાપી અને ઝિલ અમીન છેડા નેત્રાએ કરેલ જ્યારે અન્વયમ નિષ્ઠા, સમવસારણ તપ ચૌદપૂર્વ તપ વિગેરેમાં પણ સારી સંખ્યામાં તપસ્વીઓ જોડાયા હતા.

પર્યુષણ પર્વ દરમ્યાન સવારના નવકારશી બપોરે સાંજની સાધર્મિક ભક્તિ શ્રી સંઘના રસોડે જુદા જુદા દાતાશ્રીઓ દ્વારા રાખવામાં આવેલ હતી. શ્રી કુમારપાલ મહારાજાની ભવ્ય આરતીનું આયોજન સાથે લોક દરબાર ભરવામાં આવેલ હતો. જેમાં કુમારપાલ મહારાજ બનાવવાનો લાભ ખીમજી કરશી નાગડા તેરા અને ઉદધ્યન મંત્રી બનાવવાનો લાભ અજીત માલશી લોડાયાએ લાભ લીધેલ હતો.

પ્રભુજીનું પારણું ૧૧૧૧ મણ કલ્પસૂત્ર પોથી ૩૦૦૧ મણ તેમજ ચૌદ સ્વપ્નનું ઘૃત ૧૨૦૪૧૭ મણ થયેલ હતું. પર્યુષણ મહાપર્વ પ્રસંગે ચાતુર્માસ ફંડ, જીવદયા, આયંબિલ, છાસ કેન્દ્ર, સાધર્મિક ભક્તિ, દેરાસરજી વપરાશ ચીજ વસ્તુઓના ફંડના નકરાઓની ટીપ કરવામાં આવેલ હતી. જેમાં સૌ કોઈ પોતાની યથાશક્તિ મુજબ સુંદર ટીપ નોંધાવેલ હતી.

ભાદરવા સુદ સાતમના દિને શ્રી તેરા જૈન સંઘ શ્રી ચૈત્ય પરિપાટીના કર્તવ્યરૂપે તેરાથી સાંધવ, કોટડા, રોહા, શેરડી, રાયણ, માંડવી અને ભુજ જિનાલયને જુહારવા, દર્શનાર્થે તેમજ પ.પૂ.સાધુ-સાધ્વી ભગવંતોને વંદનાર્થે શ્રી સંઘના ૪૫ ભાઈ બહેનો જોડાયા હતા. પર્વ પ્રસંગને દીપાવવા માટે નેત્રા, અંજાર, આદીપુર, ગાંધીધામ, અંતરજાળ, મુંદ્રા, આણંદ, વડોદરા, મુંબઈ, પૂના, ગોવા, હુબલી વિગેરે સ્થળોથી ભાવિકજનો પધારેલ હતા.

પર્યુષણ પર્વ દરમ્યાન ટ્રસ્ટના ટ્રસ્ટી નરેન્દ્રભાઈ દંડ, પ્રવીણભાઈ દંડ, કુમારભાઈ દંડ, દીપકભાઈ સાયલા, નિરંજનભાઈ લોડાયા, દમંયતીબેન ખીમજી ઉપસ્થિત રહ્યાં હતાં.

# ખાનદેશ પ્રાંતના ચોપડા નગર સંઘમાં પર્યુષણ પર્વે વિવિધ આરાધનાઓ થઈ







મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ પ્રાંતના જલગાંવ જિલ્લાના ચોપડા નગર સંઘમાં પરમતારક મુનિસુવ્રત સ્વામીની શીતલ છત્ર છાયામાં શ્રી ક.દ.ઓ.મુનિસુવ્રત સ્વામી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના આંગણે પ.પૂ.સાધ્વીશ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના આદિઠાણા ૪ શુભ નિશ્રામાં ચાતુર્માસ પર્યુષણ મહાપર્વમાં થયેલ વિવિધ તપ આરાધનાઓની ઝલક. કંઠાભરણ તપ (૨૮ લબ્ધિ તપ), શ્રી મુનિસુવ્રત તપ (એકાંતર ઉપવાસ) ૨૮ લબ્ધિ તપના એકાસણા આદિ વિવિધ તપસ્યાઓ સુખપૂર્વક ચાલી. તેમજ પર્યુષણ મહાપર્વ દરમ્યાન ૧૬ ઉપવાસ, ૧૧ ઉપવાસ, ૯ ઉપવાસ, ૮ ઉપવાસ વાર્ષિક અઠ્ઠમ તપ તથા અક્ષય નિધિ આદિ વિવિધ તપસ્યાઓની હારમાળા ચાલી.

પ્રભુ નેમિનાથના જન્મ દિક્ષા કલ્યાણક તથા તપચક્ર ચક્રવર્તી જિનશાસન શિરોમણિ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરજી મ.સા.ની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે ત્રણ દિવસનો મહોત્સવ આયોજિત કરાયું.

શ્રાવણ સુદ પૂનમના પરમાત્મા શ્રી મુનિસુવ્રત દાદાના અવર કલ્યાણકની ઉજવણી થઈ. પર્યુષણમાં મહાવીર જન્મ વાંચનના દિવસે ૫૬ દિગ કુમારી નૃત્યનાટિકા સાથે પ્રિયવંદા દાસી દ્વારા જન્મ વધાઈ નિશાન ગરણું આદિ સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે જન્મ વાંચન કરાયું. છઠના દિવસે તપસ્યાઓના પારણા વરઘોડા સાથે સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. સ્વપ્ના આદિનું કુલ્લ ઘૃત મણ ૧,૫૦,૦૦૦ મણની આવક થઈ. વિવિધ આરાધનાઓ સંઘના શ્રાવક-શ્રાવિકાઓના ઉમંગભેર ભક્તિભાવ સાથથી પર્યુષણ પર્વ અદ્‌ભૂત રીતે ઉજવાયો.

# દેવભૂમિ દેવલાલી મધ્યે પર્યુષણ પર્વની ધર્મભાવથી ઉજવણી કરાઈ





ક.દ.ઓ.દેવલાલી-નાસિક રોડ જૈન સંઘના સથવારે શ્રી અનંત આરોગ્યનિધિ સંકુલમાં શ્રી વિમલનાથ દાદાની છત્રછાયા હેઠળ મહાપર્વ પયુર્ષણ પર્વની ઉજવણી ધર્મભાવ સાથે રંગેચંગે સંપન્ન થઈ. પૂ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા.ની પ્રેરણાને આશીર્વાદથી પ.પૂ.સાધ્વીશ્રી ત્યાગશીલાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી ચૈત્યશીલાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રા મળી હતી. જેથી તપ, જપ, આરાધના ખૂબજ સુંદર રીતે થઈ. ભક્તામર સ્તોત, વ્યાખ્યાન કલ્પ સૂત્ર, સ્વપ્ન દર્શન, બારસા સૂત્ર, પ્રભુજીનું પારણું તેમજ તપસ્વીઓની બહુમાન સાંજી સાથે અતિ ઉત્તમ આરાધના થઈ. રોજ રાત્રી ભાવના જાગરણ, સંગીત સથવારે યોજાતી હતી. દેશ દેશાવર અને સ્થાનિક ભાઈ બહેનો મળીને બહોળી સંખ્યામાં પર્વની આરાધનાઓ નિર્વિઘ્ને પરિપૂર્ણ થઈ. રોજે રોજ મનોહર આંગીઓ રચાતી હતી. ભક્તિભાવથી તરબોળ થઈ ભાવિક ભક્તોના સથવારે પર્વ પ્રસંગ શોભાયમાન થઈ સોહામણી રીતે દિપી ઉઠ્યો.

# વર્જીનીયા સ્ટેટ યુ.એસ.એ.મા શેન્ટીલી જૈન દેરાસરે પર્યુષણ પર્વની આરાધનાઓ થઈ








અમેરિકાના વર્જીનીયા સ્ટેટના શેન્ટીલી જૈન દેરાસરમાં પર્યુષણ પર્વ પ્રસંગે જૈન કોમ્યુનિટી સંગે મળીને ધર્મ ભાવ સાથે વિવિધ તપ સંગે ધર્મ આરાધનાઓ કરી હતી. પોથી કલ્પસૂત્ર ચઢાવવાનો લાભ કુસુમ દિલીપ ધરમશીએ લીધેલ. સ્વપ્ન પધરામણીમાં ચંદ્ર પધરાવવાનો લાભ શિલ્પા રિષી ધરમશી જ્યારે સુર્ય પધરાવવાનો લાભ મીતા (પિંકી) ઉદય મૈશેરી પરિવારે લીધેલ.

અઠાઈ તપ રિષી હંસરાજ ધરમશી, અરૂણાબેન હંસરાજ ધરમશી અને કોમલ હંસરાજ ધરમશી કરેલ. વિદેશની ધરતી, મોર્ડન જીવનશૈલી અને ફાસ્ટ લાઈફમાં પણ જ્ઞાતિ પરિવારના સભ્યો ધર્મ સંસ્કાર અને જૈન ધર્મના મૂલ્યો ભૂલ્યો નથી અને જાળવી રાખ્યા છે. સાથો સાથ યુવા પેઢીને પણ આ વારસો સોંપી રહ્યા છે. જેની અનુમોદના કરીએ એટલી ઓછી છે.

---

# શ્રી સુવિધિનાથ દેરાસર તિરૂપુરમાં પર્યુષણ પર્વની ઉજવણી થઈ



તા. ૨૪ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બર ૨૦૨૨ સુધી તિરૂપુરના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરમાં પયુર્ષણની ઉજવણી કરાઈ. પર્વના દિવસમાં આરાધના કરાવવા આર્યરક્ષિત વિધાપીઠ શ્રાવક શ્રી ધર્મેશભાઈ દેઢિયા અને હર્ષભાઈ મોતા મુંબઇથી પધારેલ. દરરોજ સવારના પ્રભુજીનો પક્ષાલ સ્નાત્ર, ભક્તામ્બર, વ્યાખ્યાન રાખવામાં આવેલ. તા. ૨૬ ઓગસ્ટ ૨૦૨૨ કલ્પસૂત્રનું શોભા યાત્રા કરેલ શ્રી જૈન બટન હાઉસ પરિવાર એ લાભ લીધો. રાતના ભક્તિ એમના નિવાસ સ્થાનમાં રાખેલ. કલ્પસૂત્ર વોરોવાનુ લાભ શ્રી ઇન્દરમલ ભંડારી પરિવાર એ લીધેલ. તા ૨૮ ઓગસ્ટ ૨૦૨૨ સ્વપ્ના મહોત્સવ અને ભગવાન મહાવીર જન્મ વાંચનનું કાર્યક્રમ લક્કી ડ્રો દ્વારા કરવામાં આવેલ ૭૪ પરિવારો લાભ લીધેલ. પ્રભુજીનું પારણું પધારવાનું લાભ શ્રી હંસરાજ વેરશી નાગડા પરિવારે લીધેલ સંઘ તરફથી પ્રભાવના રાખવામાં આવેલ. તા.૨૭ ઓગસ્ટ ૨૦૨૨ છોકરાઓ માટે સ્ટેજ પ્રોગ્રામ રાખવામાં આવેલ. લગભગ ૧૫ જણ ભાગ લીધેલ તા ૩૧ ઓગસ્ટ ૨૦૨૨ તપાગચ્છ વાળા માટે પ્રતિક્રમણ અને અચલગચ્છવાળા માટે પ્રતિક્રમણ રાખવામાં આવેલ. તા ૧ સપ્ટેમ્બર ૨૦૨૨ જિનાલય દ્વાર ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. શ્રી અશોક ભંડારી પરિવાર એ લાભ લીધેલ. તા. ૧ સપ્ટેમ્બર ૨૦૨૨ ગુરૂવારના પ્રભુજીનું પારણાનું વરઘોડો સુવિધાનાથ દેરાસરથી શ્રી હંસરાજ વેરશી નાગડાને ઘરે થયેલ અને રાતના ભક્તિ દેરાસરમાં સંગીતની રમઝટમાં ગરબા અને દાંડિયા સાથે જાગરણ થયેલ. ૯ દિવસ ધર્મ આરાધના બહુજ સારી રીતે થયેલ. શ્રી રાજસ્થાન મુર્તિપૂજક જૈન સંઘ તરફથી ૮ દિવસ એકાસણાની વ્યવસ્થા કરેલ.

૧ અઠાઈ તપસ્યા, ૧૦ છઠ્ઠ અઠ્ઠમ તપસ્યા, ૧૮ અઠ્ઠમ તપસ્યા, ૬૦ મોક્ષ તપ.

# નાની સિંધોડી જૈન સંઘ દ્વારા પર્યુષણ મહાપર્વ હર્ષોલ્લાસથી ઉજવાયો





શ્રી આર્યરક્ષિત તત્વજ્ઞાન વિદ્યાપીઠ દ્વારા પધારેલ બહેનો શ્રીમતી મીનાબેન યોગેન્દ્ર નાગડા અને શ્રીમતી જયાબેન મૂલચંદ ગડાએ વ્યાખ્યાન વાંચન, બારસો સૂત્ર વાંચન તેમજ સવાર સાંજ બંન્ને પ્રતિક્રમણ અને વિવિધ ધર્મ આરાધનાઓ ખૂબજ ઝીણવટ ભરી સમજ સાથે કરાવી અને ક્યાંય મહારાજ સાહેબની ગેરહાજરી મહસૂસ ન કરવા દીધી હતી. જે માટે સંઘ બંન્ને બહેનોનો આભારી રહેશે. હમણાં કેટલાય સમયથી ચાલતી ભોજનશાળા જે પર્યુષણ પર્વના સંપૂર્ણ દિવસના લાભાર્થી પરિવાર માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા હસ્તે શ્રીમતી નીશાબેન હિતેશભાઈ મોતાએ લાભ લીધેલ.

સ્થાનિક ગામવાસી તથા મુંબઈ અને અન્ય સ્થળેથી પધારેલ ભાવિકોની લગભગ રોજની ૭૫ જણાની હાજરી નોંધાઈ. શ્રીમતી રેખાબેન રમેશ નાગડાએ અઠાઈ તપની આરાધના કરેલ. જ્યારે એકાસણા ઉપવાસ આયંબિલ વિગેરે તપ પૂર્ણ શ્રાવક શ્રાવિકાઓ કરી તપમાં અભિવૃધ્ધિ કરેલ હતી. પ્રાસંગિક લાભ નીચે પ્રમાણે લેવામાં આવેલ. કલ્પસૂત્ર : માતુશ્રી ભક્તિબેન કુંવરજી મૈશેરી પરિવાર, પારણા : માતુશ્રી પ્રભાબેન શિવજી દામજી લોડાયા પરિવાર, ચૌદ સ્વપ્ન : વિવિધ દાતાઓ તરફથી કુલ્લ ધૃત ૬૮૦૦૦ મણ, દ્વારા ઉદ્‌ઘાટન : મૂળનાયક માતુશ્રી લીલાવંતીબેન ખેતશી મોતા પરિવાર હ. શ્રીમતી અરૂણાબેન લક્ષ્મીચંદ મોતા, ચિંતામણિ પાર્શ્વનાથ : માતુશ્રી નવલબાઈ દામજી મૈશેરી પરિવાર હ. ચંદુલાલ દામજી મૈશેરી, શાંતિનાથ : શ્રી મણિલાલ પુનશી ધરમશી પરિવારે લીધેલ.

શ્રી સંઘ દ્વારા તપસ્વીઓનું બહુમાન અને સામૂહિક ક્ષમાપના કરી મહાપર્વ આનંદ સહ હર્ષોલ્લાસથી ઉજવવામાં આવેલ હતો.

# નવી મુંબઈ સંઘમાં વાજતે ગાજતે રથયાત્રા ઉલ્લાસ ઉમંગ ભેર નીકળી






શ્રી નવી મુંબઈ અચલગચ્છ જૈન સંઘના ઉપક્રમે વાજતે ગાજતે રથયાત્રા નીકળી હતી. જિનશાસનના ધ્વજ અને જયજયકાર નાદ સાથે શ્રાવક-શ્રાવિકાઓનો ઉત્સાહ અદમ્ય હતો.


| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# મુંબઈ તેમજ દેશ-દેશાવર તથા પરદેશમાં આબાલ વૃદ્ધો દ્વારા ઉગ્ર તપ આરાધનાઓ થઈ

## જ્ઞાતિજનોમાં ઉત્તરોત્તર તપ આરાધનામાં થયો વધારો

કોરોના ના કપરા કાળ પછી ના આ પ્રથમ વર્ષે દરેક તહેવારો ઉજવવાનો અદ્ભૂત ઉત્સાહ ભાવ જોવા મળે છે. એ જ પ્રમાણે પર્યુષણ મહાપર્વ પ્રસંગે ઠેર ઠેર દેશ દેશાવર માં વિવિધ નગર સંઘ મહાજનો માં અદ્ભુત તપસ્યાઓ થઈ છે. જે ખરેખર અનુમોદનીય છે. અમારી પાસે આવેલ વ્યકિતગત તેમજ વિવિધ મહાજનો સંઘ દ્વારા મળેલ તપસ્વીઓની યાદી માં ૮ ઉપવાસ કરેલ તપસ્વીઓની નામાવલી અને ૯ માસને તેથી ઉપર કરેલ તપસ્વીઓના ફોટા અત્રે પ્રગટ કર્યા છે. દરેક ધર્મ આરાધના ઓ કરેલ તપસ્વીઓની સમસ્ત મહાજન ભૂરી ભૂરી અનુમોદના કરે છે અને દરેક તપસ્વીઓ તપ આરાધના કરી ધર્મ ભાવ શિખર આરોહણ ઉન્નત કરેલ છે. આ ભાવ કાયમ પ્રર્વતક રહે એજ ઈચ્છીએ.


**રશ્મી મૈશેરી**
ઉપવાસ-૩૬


**દિપેશ મુનવર**
ઉપવાસ-૩૦


**હર્ષા મુનવર**
ઉપવાસ-૩૦


**ભરત વિક્રમશી**
ઉપવાસ-૨૪


**મયુર લોડાયા**
ઉપવાસ-૨૪


**માનસી ખોના**
ઉપવાસ-૧૬


**ચેતના ખોના**
ઉપવાસ-૧૬



**જ્યોશના ખોના**
ઉપવાસ-૧૬


**ભુમીલ ધરમશી**
ઉપવાસ-૧૬


**ભાવના શાહ**
ઉપવાસ-૧૬


**હર્ષિતા છેડા**
ઉપવાસ-૧૬


**પ્રજ્ઞા દંડ**
ઉપવાસ-સિદ્ધિતપ


**નલીની શિયાડ**
ઉપવાસ-૯


**રાજેશ મોમાયા**
ઉપવાસ-વર્ષીતપ


**અનુપમા મોમાયા**
ઉપવાસ-વર્ષીતપ

## ધન્ય તપશ્ચર્યા તમારી, સ્વીકારો અનુમોદના અમારી

# ધન્ય તપશ્ચર્યા તમારી, સ્વીકારો અનુમોદના અમારી

## શ્રી અચલગચ્છ જૈન સંઘ આદિપુર તપસ્વીઓની નામાવલી

૨૪ ઉપવાસ

શ્રી ભરત પદમશી વીકમશી રાણપર-આદીપુર

૧૬ ઉપવાસ

શ્રીમતી ચેતનાબેન ઝવેરચંદ ખોના સાંધવ-ગાંધીધામ

૧૬ ઉપવાસ

શ્રીમતી માનસીબેન પ્રતિક ખોના સાંધવ-ગાંધીધામ

૮ ઉપવાસ

યશ પંકજ લોડાયા, કુવાપધર અંતરજાળ

ચીરાગ હરીશ લોડાયા, મંજલ ગાંધીધામ

કપીલ જીતેન્દ્ર લાલકા, વારાપધર અંતરજાળ

હાર્દિક જયંતીલાલ નાગડા, તેરા અંતરજાળ

સૌરભ વસંત લોડાયા, નલીયા આદીપુર

કુમારી નીલમ દામજી નાગડા નલીયા-ગાંધીધામ

શ્રીમતી નીશાબેન રોનક ધરમશી સાંધાણ-ગાંધીધામ

શ્રીમતી જયશ્રીબેન દેવેન્દ્ર છેડા ગોધરા-ગાંધીધામ

શ્રીમતી મેઘાબેન વિપુલ છેડા તેરા-અંતરજાળ

કુમારી યુક્તા વીરેશ મોમાયા વરાડીયા-અંતરજાળ

કુમારી અવની મનીષ ખોના સાંધવ-અંતરજાળ

કુમારી હેલી વિપુલ વીરા મેરાઉ-શીણાય

શ્રીમતી દિપાબેન યશોધન દંડ બાયઠ-ગાંધીધામ

શ્રીમતી ઝંખનાબેન ગૌરવ મોમાયા સાંયરા-ગાંધીધામ

શ્રીમતી મીનાબેન દિનેશ સંકલેચા-ગાંધીધામ

## મુંબઈ તેમજ દેશ-દેશાવર તથા પરદેશમાં આરાધના કરનાર તપસ્વીઓની નામાવલી

૩૦ ઉપવાસ

દીપેશ પ્રબોધ મુનવર (કોઠારા-વર્ધમાનનગર)

હર્ષા દીપેશ મુનવર (કોઠારા-વર્ધમાનનગર)

નયના દિવેશ મુલચંદ મુનવર (કોઠારા-વર્ધમાનનગર)

હેતલ હેમંત મોમાયા (શાયરા-વર્ધમાનનગર)

રાજુલા લીરેશ કારાણી (સુથરી-ભુજ)

૧૭ ઉપવાસ

તનિષ્ક તુષાર મણીલાલ ગોશર (ગોએરસમા-વર્ધમાનનગર)

૮ ઉપવાસ

ધ્યાન દિવેશ મુલચંદ મુનવર (કોઠારા-વર્ધમાનનગર)

સાગર પંકજ રાયચંદ ધરમશી (સુથરી-વર્ધમાનનગર)

ધ્રુવ હેમંત લહેરચંદ મોમાયા (સાંયરા)

મિહિર રાજેશ ચીમનલાલ જીવાણી (જખૌ)

નિરવ દિલીપ રતનશી મોતા (નલિયા-વર્ધમાનનગર)

રીટા નિરવ દિલીપ મોતા (નલિયા-વર્ધમાનનગર)

ધીરજ અજય દંડ (તેરા-પુણે ચિંચવડ)

૮ ઉપવાસ

જૈના ધનેશ ખોના (જલગાંવ)

ભરત રામજી નાગડા (વડોદરા)

હર્ષ હિરેન વિકમશી (રાણપુર-બિલીમોરા)

સૌ.જલ્પા હર્ષ હિરેન વિકમશી (રાણપુર-બીલીમોરા)

યશ જયેશ ડાઘા (વરાડિયા-સોનગઢ)

ચાંદની સંતોષ મોમાયા (વરાડિયા-ડોમ્બિવલી)

કશિશ સંતોષ મોમાયા (વરાડિયા-ડોમ્બિવલી)

રોશની સંતોષ મોમાયા (વરાડિયા-ડોમ્બિવલી)

હેમિના જે સંઘવી (સાંધાણ-મુલુંડ પૂર્વ)

ભારતી ભારત લોડાયા (આરીખાણા)

હેતવી અમિત માલદે (દલતુંગી-ડોંબિવલી)

મિનાક્ષી મુલચંદ સોની (જખૌ-ડોમ્બિવલી)

રંજન નારાણજી સોની (સુથરી-અમદાવાદ)

જિતેન્દ્ર ગોવિંદજી લાલકા (પરજાઉ-વડાલા)


આર્યા ભરત લાપસીયા (દલતુંગી-મુલુંડ)

હર્ષ વિપુલ ધરમશી (સાંધાણ-મુલુંડ)

ધન્ય તપશ્ચર્યા તમારી, સ્વીકારો અનુમોદના અમારી

# લોડાયા પરિવારનું ગૌરવ

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ અને ગામ નલીયા હાલ મુલુંડ નો લોડાયા પરિવાર આજે ધન્યતા અનુભવે છે.**



૮ ઉપવાસની તપશ્ચર્યા સુખશાતા પૂર્વક પૂર્ણ કરેલ છે.
આ તેમની પાંચમી અઠ્ઠાઈ છે.
આ તપ બદલ તેમની ભૂરી ભૂરી અનુમોદના કરતાં
ધન્યતા અનુભવીએ છીએ.

**અજય વિરેન્દ્ર લોડાયા**
**(નલિયા-મુલુંડ)**



ને ૨૪ વર્ષની યુવાન વયે, શ્રી કચ્છી દશા ઓશવાલ નલીયા
મહાજનના ગૌરવવંતા ટ્રસ્ટીપદે નિયુક્ત કરવામાં આવ્યા છે.
જે અત્યંત આનંદ અને ગૌરવની વાત છે. તેમને હાર્દિક અભિનંદન
આપતાં આનંદની લાગણી અનુભવીએ છીએ.
તેમની કાબેલિયતનો શ્રી ક.દ.ઓ. મહાજન - નલિયા ને
સુંદર લાભ મળશે.

**યશ વિરેન્દ્ર લોડાયા**

આ બન્ને ભાઈઓ ધાર્મિક સામાજીક અને વ્યવસાય ક્ષેત્રે ખુબ ખુબ આગળ વધે, માતા-પિતા,
પરિવાર અને જ્ઞાતિનું નામ રોશન કરે તેવી હાર્દિક શુભેચ્છાઓ અને અભિનંદન.

લિ. **માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી જીવરાજ લોડાયા પરિવાર (મુલુંડ-નલિયા)**

## વારાપધર નગરે મુમુક્ષોનો વરસીદાનનો વરઘોડો અદ્‌ભૂત ઉત્સાહ સહ નીકળ્યો







તા.૬ સપ્ટેમ્બર મંગળવારના દિને દિક્ષાર્થી મુમુક્ષોઓ રણછોડભાઈ અને જ્યોતિબેનનું વર્ષીદાનનો વરઘોડો પ.પૂ.સાધ્વી શ્રી કાર્યરક્ષિતાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં કચ્છ પ્રાંતના અબડાસા વિભાગના વારાપધ્ધર ગામે અદ્‌ભૂત ઉત્સાહ ભાવ સાથે નીકળ્યો હતો.

## યવતમાલ સંઘમાં મહાકાળી માઁ ની ભક્તિ ભાવનાનું ભવ્ય આયોજન કરાયું

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ યવતમાળ ખાતે પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પાવન નિશ્રામાં મુંબઈથી પધારેલા પૂજ્યશ્રીના સંસારી પરિવારજનોની ઉપસ્થિતિમાં અચલગચ્છાધિષ્ઠિકા શ્રી મહાકાળી માઁ ની ભક્તિ ભાવનાનું આયોજન કરાયેલ. સંઘના શ્રાવક-શ્રાવિકો ભક્તિરસના તાલમાં મગ્ન થઈ ધર્મમય માહોલની અદ્‌ભૂત જમાવટ કરી હતી.



## શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નલિયાના નૂતન ઉપાશ્રયના રજત સ્તંભ સહાયક દાતા

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન નલિયાના નૂતન ઉપાશ્રયમાં સુવર્ણ સ્તંભ દાતા રૂા.૧ લાખ ૧ હજારનું અનુદાન જ્યારે રજત સ્તંભ સહાયક દાતા રૂા.૫૧ હજાર અનુદાન આપી લાભાર્થી લાભ લઈ શકે છે. જે માટે પ્રમુખ મુલચંદ મોતા-૯૮૪૬૨૧૪૨૦૩ નલિયા ઓફિસ ભાવેશ મૈશેરી-૭૩૫૯૭૭૧૯૪૯નો સંપર્ક કરવો.




પર્યુષણ પર્વની પાવન પ્રસંગે રજત સ્તંભ સહાયક દાતા માતુશ્રી મૂલબાઈ મૂલજી ગોવિંદજી લીલાધર છેડા હસ્તે પૌત્રી અ.સૌ.હિલ ધાર્મિક નિરેન મોતા, પૌત્ર ચિ.ધવલ જલ્પા ચેતન મૂલજી છેડા, નલિયા-ડોંબિવલી તથા માતુશ્રી સુશીલાબેન લક્ષ્મીચંદ હીરજી દેવજી નાગડા નલિયા હસ્તે સુપુત્ર સ્વ.જયંતકુમાર તથા સુપુત્રી સૌ. જલ્પા ચેતન મૂલજી છેડા નલિયા-ડોંબિવલીએ ઉદારભાવથી અનુદાન સમર્પિત કરી સહયોગી થયા છે.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

80G સર્ટિફીકેટ

## C.S.R.

CORPORATE SOCIAL RESPONSIBILITY

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## સુથરી મહાતીર્થે શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાના દરબારે સામૂહિક અઠ્ઠમ તપોત્સવ

અબડાસાની મોટી પંચતીર્થીના સુથરી મહાતીર્થે શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાના દરબારે આચાર્ય ભગવંતદિ એવમ સાધુ-સાધ્વી ભગવંતોની શુભ નિશ્રામાં મધુર વક્તા પ.પૂ.આ.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ શ્રમણ ભગવંતોની નિશ્રામાં વૈયાવચ્ચ પ્રેમી પ.પૂ.સાધ્વીશ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના સંયમ રજત વર્ષ તથા ૧૦૮ અઠમ તપ પૂર્ણાહૂતિ અનુમોદનાર્થે ત્ર્યાન્હિકા ભક્તિ મહોત્સવનું આયોજન તા.૧૫ ડિસેમ્બરથી ૧૯ ડિસે. સુધી કરાયું છે.

સામૂહિક અઠમ તપોત્સવ કાર્યક્રમમાં અતરવારણા માગસર વદ ૮ તા.૧૫ ડિસેમ્બર ગુરૂવાર. અઠમ તપ માગસર વદ ૯, ૧૦ અને ૧૧ શુક્રવારથી રવિવાર તા.૧૬ ડિસેમ્બર, ૧૭ ડિસેમ્બર તથા તા.૧૮ ડિસેમ્બર. પારણા માગસર વદ ૧૨ સોમવાર તા.૧૯ ડિસેમ્બર ૨૦૨૨.

વિશેષ નોંધ : અઠ્ઠમ તપ આરાધના માટે વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધી શકાશે. આવવા જવાની રેલ્વે સેકન્ડ ક્લાસ અને ભુજથી એસટી બસની ટિકીટની રકમ સુથરી તીર્થે અપાશે. આરાધકોએ સુથરી તીર્થે સામૂહિક પણે શ્રી સંઘના આયોજન મુજબ રહેવાનું રહેશે. ઉતારાની વ્યવસ્થા મહોત્સવ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવશે.

સુથરી તીર્થે અઠમ તપ આરાધકોએ નામ નોંધાવવા તેમજ ફોર્મ મેળવવા માટે સંપર્ક મુંબઈ સંપર્ક : ગુલાબભાઈ છેડા-૯૭૬૯૯૩૯૨૩૫, રમેશ લોડાયા-૯૮૯૨૦૦૩૯૪૦ તેમજ સુથરી જિનાલય પેઢી જિજ્ઞેશ છેડા-૯૭૨૬૨૧૩૮૨૭, ખુશાલ છેડા-૭૮૭૪૫૬૬૨૭૬.

## દક્ષિણ મુંબઈ સંઘનો સ્વપ્ન દર્શનનો યુટ્યૂબ વીડિયો લિન્ક


દક્ષિણ મુંબઈ સંઘમાં તા.૨૮ ઓગસ્ટ રવિવારના ૧૪ સ્વપ્ન દર્શનની ભવ્યતાથી ઉજવણી ધર્મ આરાધનાઓ સંઘના શ્રાવક-શ્રાવિકાઓના અદ્ભૂત ઉત્સાહ સાથે થઈ. જેનો ૪.૫૮ કલાકનો યુટ્યૂબ વીડિયો લિન્ક https://youtu.be/wW1hVHuDLU0 ઉપર જોઈ માણી શકાશે.

## શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મુલુંડ દ્વારા સરસ્વતી સન્માનનું આયોજન

શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા તા.૨૫ સપ્ટેમ્બર રવિવાર બપોરે ૩ કલાકે ફ્રેન્ડસ સ્કૂલ એલ.બી.એસ.રોડ મુલુંડ વેસ્ટ મધે બપોરે ૩ કલાકે સરસ્વતી સનમાનનું આયોજન કરાયું છે. મુલુંડમાં વસતા તમામ વિદ્યાર્થી ઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨ના પરિણામના અહીં દર્શાવેલ ટકાવારીના માપદંડ મુજબ ઓનલાઈન લીંક http://register.kdosarvodaymandal.org/ પર ક્લિક કરી તા.૧૭ સપ્ટેમ્બર સુધીમાં સબમીટ કરી દેવા.

મુલુંડમાં રહેતા તમામ સભ્યો અને વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં હાજર રહી જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થી છાત્રોને પ્રોત્સાહિત કરવા પધારશો એ મંડળ દ્વારા વિનંતી છે.

સરસ્વતી સન્માન ક્વોલિફિકેશન ક્રાઈટેરિયા : ધોરણ ૧ થી ૫ - ૮૫% અને તેથી વધુ, ધોરણ ૬ થી ૯ - ૮૦% અને તેથી વધુ, ધોરણ ૧૦ (એસ.એસ.સી.) - ૮૫% અને તેથી વધુ, ધોરણ ૧૧ થી ૧૨ - ૭૫ અને તેથી વધુ, ધોરણ ૧૩ થી ૧૫ - ૬૦% અને તેથી વધુ



# સુથરી તીર્થે શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ સ્વામી પરમાત્માનું પૂજન ભણાવાયું





કચ્છ વિભાગના અબડાસા પ્રદેશના સુવર્ણ સમ સુથરી નગર તીર્થે પ.પૂ. મુનિરાજશ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં શ્રી ધૃતકલ્લોલ સ્વામી પરમાત્માનું પૂજન અનન્ય ભાવ સાથે ભણાવાયું. કાચના મટકામાં અખંડ ધારાએ ઘૃતથી પ્રભુ અભિષેક કરતાં કરતાં ભક્તિ ભાવથી વિધિકાર ચંદ્રકાંતભાઈ દેઢિયા બિદડાવાળાના સહયોગ આયોજિત થયેલ.



# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ચેતન મૈશેરી**
તા.૨૯ ઓગસ્ટ (ઉ.૬૫)
લાલા-મુંદ્રા



**હિરાવંતી લોડાયા**
તા. ૧ સપ્ટેમ્બર (ઉ.૯૦)
સાયરા-ભુજોડી



**હિરા નાગડા**
તા. ૧ સપ્ટેમ્બર (ઉ.૮૧)
નલિયા-વડોદરા




**ગીતા ધરમશી**
તા.૪ સપ્ટેમ્બર (ઉ.૭૧)
સાંયરા-ઘાટકોપર



**લીલાધર દંડ**
તા.૭ સપ્ટેમ્બર (ઉ.૮૯)
કોઠારા-સોલાપુર



**દેવેન્દ્ર દંડ**
તા.૭ સપ્ટેમ્બર (ઉ.૪૧)
ખાવડી નાની-બેંગલોર



**હીરાવંતી ખોના**
તા.૮ સપ્ટેમ્બર (ઉ.૭૫)
સુથરી-ઘાટકોપર



**રમેશ દંડ**
તા.૧૦ સપ્ટેમ્બર (ઉ.૬૦)
પરજાઉ-પરજાઉ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ભુજ મુંબઈ વચ્ચે દરરોજ બેથી ત્રણ હવાઈ સેવા નિયમિતપણે ચાલુ કરવા ભુજ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીફેડરેશન દ્વારા કેન્દ્રીય ઉડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાને પત્ર લખી રજૂઆત કરાઈ છે. પત્રમાં લખાયેલી વિગત મુજબ બે-ત્રણ વર્ષ પહેલાં જેટએરવેઝની બે તથા ઇન્ડિયન એરલાઈન્સની એક હવાઈ સેવા ભુજ મુંબઈ વચ્ચે ચાલુ હતી. વર્તમાનમાં હવે માત્ર એક જ હવાઈ સેવા અઠવાડિયામાં માત્ર ત્રણથી ચાર દિવસ ચાલે છે જે અપૂરતી છે. જિલ્લામાં બે મોટા બંદરો કંડલા, મુંદરા, એસ.ઈ.ઝેડ ઉપરાંત અનેક ઔદ્યોગિક એકમો છે તેમજ પ્રવાસીઓનું માનીતું મથક હોવાથી સતત અવરજવર રહે છે જેથી પૂરતી હવાઈ સેવાઓ મળી રહે એ જરૂરી હોવાનું પત્રમાં કહેવાયું છે.

● જિલ્લાના વ્યાપાર વિકાસ માટે, પ્રવાસી ટ્રેનોની પડતર માંગ માટે અવાર નવાર રેલવે મંત્રાલય, ઝોન અને વિભાગીય સ્તરની સલાહકાર સમિતિની બેઠકમાં ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા યોજાયેલ બેઠકમાં ડિવિઝન રેલવે મેનેજરે જણાવ્યું હતું કે રેલવે પ્રશાસન આગામી ૨૫વર્ષનું વિચારીને ચાલે છે. રેલવે ક્ષેત્રે આવનારું વર્ષ ભૌગોલિક અને વિકાસની દ્રષ્ટિએ કચ્છ માટે સોનેરી રહેશે. પ્રવાસી ટ્રેન નલિયા જ નહીં લખપત તાલુકાના પ્રસિદ્ધ યાત્રાધામ નારણસરોવર કોટેશ્વર સુધી પહોંચશે. આ કાર્યના સર્વે માટે મંજૂરી મળી છે અને હાજીપીર માટેનો સર્વે ચાલુ છે એવી જાણકારી તેમણે આપી હતી.

● ભુજ તાલુકાના શીનિયાડો ગામના મડવર્ક કલાકાર માજીખાન ઈલામ ખાન મુતવાએ હજારોની સંખ્યામાં મડવર્કમાં ફાઈન ફ્રેમ આર્ટવર્કના વિવિધ નમૂના બનાવી ગ્લોબલ રેકોર્ડમાં સ્થાન મેળવાની સિધ્ધિ હાંસિલ કરી છે. આ સિધ્ધિ મેળવનાર કચ્છ ગુજરાત નહીં પણ દેશમાંથી પહેલા કલાકાર છે.

● કચ્છી મેવો તરીકે ઓળખ ધરાવતી અને આખા દેશમાં સૌથી પહેલાં કચ્છમાં જેની ખેતી શરૂ થઈ તે સવા ચારસો વર્ષનો, ઈતિહાસ ધરાવતી કચ્છની ખારેકની ખેતી કરતા ખેડૂતોને પીઠબળ પુરૂ પાડવાનો વ્યાયામ શરૂ થઈ ચૂક્યો છે. આવનારા ત્રણથી ચાર વરસમાં આ સ્વપ્ન સાકાર થઈ જાય તેવી સંભાવના હોવાનું વિશ્વસનીય વર્તુળો તરફથી જાણવા મળી રહ્યું છે. મુંદરા સ્થિત ખારેક સંશોધન કેન્દ્ર તેમજ બિકાનેરના સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ફોર એરિડ હોર્ટિકલ્ચર કચ્છી કિસાનોને સારી ગુણવતાની ખારેકને માન્યતા અપાવવામાં મદદરૂપ થશે.

● તાલ વાદ્ય એટલે કે તબલા વગાડવાનું શીખવું મુશ્કેલ છે. પણ માંડવી તાલુકાના, શેરડીના મુંબઈમાં રહેતા આઠ વર્ષીય કિઆન સમીર ભટ્ટને તબલા વગાડતા જુઓ તો મોઢામાંથી વાહ ઉત્સાદ વાહના શબ્દો સરી પડે. પાંચ વર્ષની ઉંમરથી તબલાની પધ્ધતિસર તાલીમ છે. ત્રણ વર્ષના ગાળામાં ઘણી પ્રગતિ કરી છે. શાસ્ત્રીય ધૂન આધારિત કેટલાક ફિલ્મના ગીતોમાં સારો ઉત્સાદ સંગત કરી શકે છે. ૩૧ મિનિટ સુધી અટક્યા વિના ૮ તાલ વગાડી ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડસમાં સ્થાન મેળવ્યું છે.

● અબડાસાના ગરડા વિસ્તારના વાયોર આસપાસના ત્રીસેક ગામોમાં પશુપાલનનો વ્યવસાય જ્યારે ફૂલ્યો ફાલ્યો છે ત્યારે અત્રે વેટરનરી તબીબ ન હોતાં માલધારી પશુપાલકોની મુશ્કેલી વધી છે. હાલે જ્યારે લમ્પિનો રોગચાળો ચોપામાં ફેલાયો છે ત્યારે માલધારી પશુપાલકો હાથવગાં નુસખા અપનાવી પશુઓમાં રહેલા રોગને કાબૂમાં લેવા સંઘર્ષ કરી રહ્યાં છે. અત્રેના વિસ્તારના અગ્રણીના જણાવ્યાપ્રમાણે આખા તાલુકામાં માત્ર બે જ વેટરનરી તબીબો છે. વાયોરમાં પશુઓ માટે તાકિદની એમ્બ્યુલન્સ સેવા ૧૯૬૨ શરૂ કરવા માંગણી કરી છે.

● હાથમાં મોબાઈલમાં પ્રિ-પેઈડ અને પોસ્ટ પેઈડનો વિકલ્પ મળે છે તે તર્જ પર આવી જ આધુનિક સુવિધા આગામી જાન્યુઆરીથી કચ્છના વીજ વપરાશના મીટરમાં આવી રહી છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા પૂરી પાડવામાં આવતી વીજળીના હયાત માળખાની સુધારણા કરી લાંબા ગાળાની ક્ષતિઓ નિવારવા માટે કચ્છના ઈતિહાસમાં પહેલી વખત રૂા.૫૨૦ કરોડની જંગી ધન રાશિ ફાળવવામાં આવી છે. કચ્છના બે સર્કલ છે. તેમાંથી અંજાર સર્કલને રૂા.૨૯૩.૬૪ કરોડ અને ભુજ વિભાગને રૂા.૨૨૪ ૨૪ કરોડ ફાળવવામાં આવ્યા છે. ખાસ કોટિંગ વાળા કેબલ નાંખવાથી ક્ષારવાળા વિસ્તારમાં કેબલનું આયુષ્ય વધી જશે. હવે સામાન્ય ઘર વપરાશના નાના નાના ગ્રાહકો પણ સૌર ઉર્જાથી વીજળી પેદા કરતાં થઈ ગયા છે ત્યારે વીજળી વિતરણ વ્યવસ્થા સુધારણા મોટી સિધ્ધિ ગણાશે.

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

સહર્ષ રજૂ કરે છે

# RHD
# ઉન્નતિ લોન
## વ્યાજ મુક્ત

ઝડપી અને વ્યાજ મુક્ત વ્યવસાય લોન
વડે તમારા ઉદ્યોગ ને વિસ્તૃત અને સુરક્ષિત કરો.

**શુભ શરૂઆત : ૪થી જુલાઈ ૨૦૨૨**

**ઓછામાં ઓછું કર્જ રૂા. ૫૦,૦૦૦/- અને
વધુમાં વધુ કર્જ રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી.**

વ્યાજ દર ૯.૫% p.a. રહેશે જે સંસ્થા ભરશે.

પ્રોસેસીંગ ફી ૧% કર્જની રાશીની જે સંસ્થા ભરશે.

કર્જદારે માત્ર મુદ્દલના હપ્તા ભરવાના રહેશે.

સાથે જોડાણમાં

ACBL Estd 1984
**ARIHANT BANK**
SHRI ARIHANT CO-OP. BANK LTD.

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

વિશેષ જાણકારી પ્રાપ્ત કરવા આપશ્રીને નમ્ર વિનંતી કૃપા કરીને શ્રી અરિહંત બેંકની કોઈપણ શાખાનો સંપર્ક કરો.

| | | | | |
|---|---|---|---|---|
| મસ્જીદ બંદર<br>86526 30384 | માટુંગા (સે.રે.)<br>86526 30389 | ઘાટકોપર<br>86526 30383 | ભાંડુપ<br>86526 30381 | મુલુંડ<br>86526 30382 |
| થાને<br>86526 30388 | ડોંબીવલી<br>86526 30386 | બોરીવલી<br>86526 30390 | મોહીલી વિલેજ<br>86526 30385 | વાશી<br>86526 30387 |

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)